| GJVD070005382012 | રજુ કર્યા તારીખ | ૧૬/૦૮/૨૦૧૨ | | |
|---|---|---|---|---|
| | દાખલ તારીખ | ૧૬/૦૮/૨૦૧૨ | | |
| | ફેંસલ તારીખ | ૧૩/૦૪/૨૦૨૬ | | |
| | સમયમર્યાદા | દિવસ | માસ | વર્ષ |
| | | ૨૮ | ૦૭ | ૧૩ |

---

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO. (S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના ૧૭૯-એ-અન્વયેના નોટીફીકેશન નંબર-સી-૨૦૦૧-૯૩, તા.૨૦.૦૫.૨૦૨૨ના ઠરાવેલ પરફોર્મા મુજબ**

---

**ડભોઈના એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,**
**(શ્રીમતી એન.એ.ચોકસી)**
**મુ. ડભોઈ, તા.ડભોઈ, જી.વડોદરા.**

---

**ફોજદારી કેસ નંબર-૧૮૧૫/૨૦૧૨**

**આંક-**

| | **એફ.આઇ.આરની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** |
|---|---|
| **પોલીસ સ્ટેશન :-** | ડભોઈ પોલીસ સ્ટેશન<br>ગુના રજી. નંબર-પાર્ટ - એ - ૧૩૫/૨૦૧૨,<br>તા.૧૮/૦૭/૨૦૧૨ |
| **ગુનો :-** | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯,૧૧૪ મુજબ |

## FORM-A

| | | |
|---|---|---|
| **તહોમતનામુ :-** | | ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૭૯,૧૧૪ મુજબ |
| **ફરીયાદી :-** | | શ્રી સરકાર- સ્ટેટ ઓફ ગુજરાત<br>મુળ ફરીયાદી :-જશવંતભાઈ ગોવિંદભાઈ પરમાર |
| **ફરીયાદી તર્ફે વિદ્વાન એડીશ્નલ પબ્લિક પ્રોસીકયુટર :-** | | શ્રી એન.એમ.તળપદા |
| **આરોપી :-** | (૧)<br><br>(૨) | **કમલેશભાઈ ઠાકોરભાઈ વસાવા, ઉ.વ.૨૭**<br>રહે-કુરાલી,તા.કરજણ,જી.વડોદરા.<br>**કનુભાઈ નગીનભાઈ પાટણવાડીયા, ઉ.વ.૨૮**<br>રહે.-સોખડા, તા.પાદરા, જી.વડોદરા |
| **આરોપીના વિ.વ. :-** | | શ્રી એસ.એ.સીંધી |

# FORM–B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ :–** | તા.૧૫.૦૭.૨૦૧૨ |
| **ફરીયાદની તારીખ :–** | તા.૧૮.૦૭.૨૦૧૨ |
| **ચાર્જશીટની તારીખ :–** | તા.૧૬.૦૮.૨૦૧૨ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ :–** | તા.૦૮.૦૫.૨૦૧૩ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ :–** | તા.૧૮.૦૭.૨૦૧૩ |
| **કેસ જજમેન્ટ ઉપર આવ્યા તારીખ :–** | તા.૨૮.૦૨.૨૦૨૬ |
| **ચુકાદો આપ્યાની તારીખઃ–** | તા.૧૩.૦૪.૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો હોય તો:–** | –– |

**આરોપીની વિગતઃ–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧<br>૦૨ | કમલેશભાઈ ઠાકોરભાઈ વસાવા,<br>કનુભાઈ નગીનભાઈ પાટણવાડીયા | તા.૧૫.૦૭.૨૦૧૨ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯,૧૧૪ મુજબ | નિર્દોષ | ––– | –––– |

## –:: <u>ચુકાદો</u> ::–

(૧) આ કામે ફરીયાદપક્ષની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૩.૦૭.૨૦૧૨ થી તા.૧૫.૦૭.૨૦૧૨ ના સમય દરમ્યાન મોજે બાણજ ગામની સીમમાં સરદાર સરોવર નર્મદા નિગમ નર્મદા કેનાલ ઉપર નિગમ તરફથી ઉછેરવામાં આવેલા દેશી બાવળના ઝાડ નંગ–૩૫, કિંમત રૂ.૩૨,૦૦૦/– ના આરોપી નં.૧ નાએ વગર પરવાનગીએ કાપી, ચોરી કરી લઈ જઈ, તેમજ આરોપી નં.૨ નાએ ચોરીનો માલ લઈ જવા માટે પોતાનો ટેમ્પો નં.જી.જે.૦૪.વી.૧૬૩૪ નો પુરો પાડી, ચોરી કરવામાં એકબીજાની મદદગારી કરી, ગુનો કરેલ છે. ફરીયાદીએ સદરહુ બનાવ સંદર્ભે આરોપીઓ વિરુદ્ધ કાયદેસર તપાસ થવા ડભોઈ પોલીસ સ્ટેશનમાં તા.૧૮/૦૭/૨૦૧૨ ના રોજ ફરીયાદ

નોંધાવેલ છે. ફરીયાદીની આ ફરીયાદના આધારે ડભોઈ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી. નંબર–૧૩૫/૨૦૧૨, તા.૧૮/૦૭/૨૦૧૨ થી આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. સદર ગુના સબબ તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા, હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામે પોલીસ અહેવાલ રજુ થતા, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે આરોપીઓને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસની ધોરણસર બજવણી થઇ ગયેલ છે. જેથી આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા, આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપ્યાની ખાત્રી કર્યા બાદ, તા.૦૮.૦૫.૨૦૧૩ ના રોજ આરોપીઓ સામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી આંક–૦૫,આંક–૦૬ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુનાની કબુલાત નહીં કરતા, સદરહું કેસ ફરીયાદપક્ષના પુરાવા સારું મુકરર કરવામાં આવેલ છે.

(૩) **FORM–C**

**<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લીસ્ટ</u>**

**(એ) ફરીયાદપક્ષ તરફનો મૌખિક પુરાવો :–**

| અ.નં. | સાહેદનુ નામ | સાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | રમેશભાઈ રણછોડભાઈ વસાવા | પંચસાહેદ | **૦૭** |
| ૨ | રમેશભાઈ રણછોડભાઈ વસાવા | પંચસાહેદ | **૦૯** |
| ૩ | મહેશભાઈ ચીમનભાઈ પટેલ | પંચસાહેદ | **૧૦** |
| ૪ | અશોકભાઈ કાંતિભાઈ વસાવા | પંચસાહેદ | **૧૨** |
| ૫ | અમીનભાઈ કાસમભાઈ સીંધી | સાહેદ | **૧૭** |
| ૬ | મુસાભાઈ અહ્રીમભાઈ સીંધી | સાહેદ | **૨૧** |
| ૭ | અતુલભાઈ રતીલાલ વસાવા | સાહેદ | **૩૬** |
| ૮ | જશવંતભાઈ ગોવિંદભાઈ પરમાર | ફરીયાદી | **૪૪** |
| ૯ | મહેશભાઈ નગીનભાઈ પાટણવાડીયા | પંચસાહેદ | **૬૨** |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | જશુભાઈ રામસીંગભાઈ પાટણવાડીયા | પંચસાહેદ | **૬૪** |
| ૧૧ | કૌશીકભાઈ મગનભાઈ પરમાર | ના.કા.ઈજનેર/સાહેદ | **૬૬** |
| ૧૨ | અતુલભાઈ રતિલાલ વસાવા | સાહેદ | **૭૩** |
| ૧૩ | દિપેન્દ્ર બાલાસાહેબ હાંડે | સાહેદ | **૭૫** |
| ૧૪ | કલ્પેશભાઈ લક્ષ્મણભાઈ પટણી | પીએસઆઈ-ત.ક.અમલદાર | **૭૭** |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો :-

| સાહેદ નંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| -નીલ- | -નીલ- | -નીલ- |

## (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો :-

| સાહેદ નંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| -નીલ- | -નીલ- | -નીલ- |

## - દસ્તાવેજી પુરાવા -

## (એ) ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલા દસ્તાવેજી પુરાવા :-

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | સ્થળ સ્થિતીનુ પંચનામુ | **૦૮** |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | **૧૧** |
| ૩ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ | **૧૩** |
| ૪ | મુદ્દામાલ પાવતી | **૨૨** |
| ૫ | ફરીયાદ | **૪૫** |
| ૬ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામુ | **૬૩** |

## (બી) બચાવપક્ષ તરફે રજુ દસ્તાવેજો :-

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| - | -નીલ- | **-** |

## (સી) કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો :-

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **દસ્તાવેજનુ વર્ણન** |
|---|---|---|
| - | -નીલ- | **-** |

## (ડી) –: મુદ્દામાલની વિગત :–

**મુદ્દામાલ પાવતી નંબરઃ–૧૦૨/૨૦૧૨, તા.૨૫.૦૭.૨૦૧૨**

| અ.નં. | મુદ્દામાલની વિગત |
|---|---|
| ૧ | એક સ્વરાજ મઝદા ટેમ્પો નં.જી.જે.૪ વી.૧૬૩૬ છે. |

**મુદ્દામાલ પાવતી નંબરઃ–૧૦૩/૨૦૧૨, તા.૦૧.૦૮.૨૦૧૨**

| અ.નં. | મુદ્દામાલની વિગત |
|---|---|
| ૧ | દેશી પરદેશી લાકડા આશરે ૨૦૦ મણ જેટલા નાના મોટા બાવળના લાકડા છે તે. |

## (૪) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩(૧) અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન:

– આ કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩(૧) અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની હાજરીમાં અને સાંભળતાં નોંધવામાં આવેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં, તેઓની વિરૂધ્ધના પુરાવા સંદર્ભે ઈન્કારીયત ભરેલા જવાબો આપી જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓ ઉપર ખોટી ફરીયાદ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

## (૫) દલીલો :–

(૫/૧) આ કામે ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા બાદ સરકારશ્રી તરફે વિદ્વાન એપીપીશ્રી એન.એમ.તળપદા દ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષના કેસની હકીકતોને સાક્ષીઓની જુબાનીથી સંપૂર્ણપણે સમર્થન મળી રહે છે. ફરીયાદીએ આંક–૪૪ ની જુબાનીથી ફરીયાદ હકીકતને સંપૂર્ણપણે સમર્થનકારી જુબાની આપેલ છે અને સ્થળ ઉપર ૧૭ નંગ બાવળના ઝાડ કાપેલી હાલતમાં તથા ટેમ્પો સાથે મજુરોને જોયેલ હોવાની હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ છે. સ્થળ ઉપર હાજર મજુરોએ કમલેશભાઇના કહેવાથી દેશી બાવડના ઝાડ કાપેલ હોવાનું જણાવેલ છે. આરોપી પાસે ગાંડા બાવળ કાપવાની પરવાનગી હોવાછતાં તેમણે પરવાનગી વિના દેશી બાવળના ઝાડ કાપી નાખીને અને તે લઇ જવા માટે વાહન પુરુ પાડીને ગુનો કરેલ છે. આંક–૨૧ થી સાહેદ મુસાભાઇએ પણ પોતાની જુબાનીમાં એ હકીકતને સમર્થન આપેલ છે કે, બનાવવાળી જગ્યાએ તેઓ

ગયેલા ત્યારે લીલા દેશી બાવળના ઝાડો કપાઇ ગયેલા જોયેલા. ૩૫ નંગ ઝાડ આરોપી કમલેશભાઇ લઇ ગયેલા, જ્યારે ૧૭ નંગ કાપેલા ઝાડો સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલા. આ સાહેદે આરોપીને ઓળખી બતાવેલ છે. આ સાહેદે સ્થિળ ઉપર જે સ્થિતી જોયેલ તે અંગે ફરિયાદીને ફોન કરી, તમામ હકીકતથી વાકેફ કરેલ છે. આંક–૧૭ થી સાહેદ અમીનભાઇએ પોતાની જુબાનીમાં પોલીસ રુબરુના નિવેદનને સમર્થનકારી હકીકતો જણાવેલ છે. તેઓ મુસાભાઇના ભત્રીજા છે અને મુસાભાઇ સાથે સ્થળ ઉપર ગયેલા ત્યારે કાપેલા ઝાડ જોયેલા. આ સાહેદે જણાવેલ છે કે, સ્થળ ઉપર મજૂરોના કહેવાથી જાણવા મળેલ છે કે, કમલેશભાઇના કહેવાથી ઝાડ કાપેલા છે. કમલેશભાઇ લીલા દેશી બાવળના ઝાડ નંગ–૩૫ અગાઉ કાપીને લઇ ગયેલા છે, જ્યારે ૧૭–નંગ ઝાડ સ્થળ ઉપરથી મળી આવેલ છે. આ રીતે, આ સાહેદે ફરીયાદી અને મુસાભાઇની જુબાનીને સમર્થન આપેલ છે. આંક–૬૬ થી નાયબ કાર્યપાલક કૌશિકભાઇ મગનભાઇને તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ કમલેશભાઇને નડતરરૂપ ઝાડી–ઝાંખરા તથા ગાંડા બાવળ કાપવાની પરવાનગી આપેલ. ત.ક. અમલદાર કે.એલ.પટણીએ આરોપીઓની અટક કરેલ અને મુદ્દામાલનું પંચનામું કરેલ, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી નિષ્પક્ષ તપાસ કરેલ છે. આ રીતે, આરોપીઓએ પરવાનગી વિના લીલા વૃક્ષો કાપેલા છે અને તેની હેરફેર માટે આરોપી નં ૨ નાઓએ વાહન પુરું પાડેલ છે તેવી હકીકત સાબિત થાય છે. જેથી, આરોપીઓને દોષિત ઠરાવવા અરજ છે.

(૫/૨) બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી એસ.એ.સિંધીએ દલીલ કરેલ છે કે, ફરિયાદપક્ષના કેસ મુજબ તા.૧૫/૦૭/૨૦૨૧ ના રોજ લીલા બાવળના ઝાડની ચોરી થયેલ હોવાનું જાણવા મળેલ. આમ છતાં, ફરિયાદ તા.૧૮/૦૭/૨૦૧૨ ના રોજ આપવામાં આવેલ છે. ફરિયાદીએ ફરિયાદ મોડી આપવાનું કોઇ કારણ જણાવેલ નથી. આરોપીને ઝાડવા સાફ કરવાનું કામ મળેલ છે. આંક–૪૪ થી તપાસવામાં આવેલ ફરિયાદીએ આરોપીને ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. આંક– ૭ થી તપાસવામાં આવેલ સાહેદ રમેશભાઇએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. તે જ રીતે, આંક–૯ થી રમેશભાઇ, આંક–૧૦ થી મહેશભાઇ, આંક–૧૨ થી અશોકભાઇનાઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આંક–૧૭ થી અમીનભાઇએ જણાવેલ છે કે, તેઓને ગાડીના નંબરની ખબર નથી, કમલેશભાઇને

ઓળખતા નથી. તેઓ નોકરી કરતા હોવાના કારણે આ સાહેદ સ્વતંત્ર સાહેદ નથી અને નોકરીના કારણે ખોટી જુબાની આપેલ છે. આંક–૨૧ થી મુસાભાઇ સિંધીનાઓને તપાસેલા છે, તેઓ જંગલ સાચવવાનું કામ કરે છે , જંગલખાતા પાસેથી પગાર મેળવે છે, સ્વતંત્ર સાહેદ નથી, છેલ્લા ૧૦–૧૨ વર્ષથી જંગલખાતામાં નોકરી કરતા હોવાથી જુબાની આપેલ છે. સાહેદે ઉલટતપાસમાં કબૂલ રાખેલ છે કે, તેમના સાહેબે પોલીસ રૂબરૂ તેમનો જવાબ લખાવેલ છે. આંક–૬૧ થી તપાસેલા સાહેદ મહેશભાઇએ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આંક–૬૪ થી જશુભાઇ પા.વા.એ તથા આંક–૫૯ થી દિપેન્દ્ર બાલાસાહેબે પણ ફરિયાદપક્ષને સમર્થન આપેલ નથી. આંક–૬૫ થી તપાસવામાં આવેલ કૌશિકભાઇ પરમારે આપેલ જુબાની મુજબ તેઓ સ્થળ ઉપર ગયેલા નથી, આરોપીને ઓળખતા નથી, બનાવની જાણ પોલીસ સ્ટેશન આવ્યા બાદ થયેલ છે. આંક–૭૭ થી ત. ક. અમલદાર કલ્પેશભાઇએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આ ગુનાના કામે મુદ્ધામાલ મળી આવેલ નથી, તેમણે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલા નથી. આ રીતે, આરોપી સામેનો ગુનો શંકાથી પર રહિને સાબિત થતો ન હોવાથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ છે.

(૬) ઉપરોક્ત કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: <u>મુદ્દાઓ</u> ::–

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૩.૦૭.૨૦૧૨ થી તા.૧૫.૦૭.૨૦૧૨ ના સમય દરમ્યાન મોજે બાણજ ગામની સીમમાં સરદાર સરોવર નર્મદા નિગમ, નર્મદા કેનાલ ઉપર નિગમ તરફથી ઉછેરવામાં આવેલા દેશી બાવળ નંગ–૩૫ કિંમત રૂ.૩૨,૦૦૦/– ના ઝાડો આરોપી નં.૧ નાએ વગર પરવાનગીએ કાપી, ચોરી કરી લઈ જઈ તથા આરોપી નં.૨ નાએ સદરહુ ચોરી કરેલા કાપેલા ઝાડો ટેમ્પા નં.જી.જે.૦૪.વી.૧૬૩૪ માં ભરીને ચોરી કરવામાં એકબીજાની મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની અદાલતની હકૂમતમાં કરેલ છે ?

૨. શું હુકમ ?

## –:: <u>ન્યાયિક નિર્ણયો</u> ::–

(૭) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**૧. નકારમાં,**

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોક્ત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે.

## –:: <u>નિર્ણય માટેના કારણો</u> ::–

### <u>ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલા પુરાવા :–</u>

(૯) ફરીયાદપક્ષ તર્ફે આંક–૦૮ થી ગુનાવાળી જગ્યાનું સ્થળસ્થિતિનું પંચનામું રજૂ થયેલ છે. જેના પંચસાહેદ રમેશભાઈ રણછોડભાઈ વસાવાને આંક–૭ થી તપાસવામાં આવેલા છે. આ પંચસાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર પણ સમર્થન આપેલ નથી. અને તેમની હાજરીમાં ખુંટનું મોજમાપ કરતા કુલ પર નંગ ઉભા લીલા દેશી બાવળ કાપી નાખેલાની ખૂંટ જોવા મળેલાની હકીકતને સમર્થન મળી રહેતું નથી.

– ફરિયાદપક્ષ તર્ફે આંક–૧૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ રજૂ થયેલ છે. જેના પંચસાહેદ મહેશભાઈ ચીમનભાઈ પટેલને આંક–૧૦થી તપાસવામાં આવેલા છે. આ પંચસાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર પણ સમર્થન આપેલ નથી અને તેમની હાજરીમાં સ્થળ સ્થિતિનું પંચનામું કરતા ત્યાં લીલા દેશી બાવળના ઝાડના કપાયેલા થડિયા નંગ પર જણાઇ આવેલ હોવાની હકિકતને સમર્થન મળી રહેતું નથી.

– ફરિયાદપક્ષ તર્ફે આંક–૧૩ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ રજૂ થયેલ છે. જેના પંચસાહેદ અશોકભાઈ કાંતિભાઈ વસાવાને આંક–૧૨ થી તપાસવામાં આવેલા છે.આ પંચસાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર પણ સમર્થન આપેલ નથી અને તેમની હાજરીમાં તેમની હાજરીમાં આરોપી કમલેશભાઇ વસાવાએ નર્મદા નહેરના દેશી બાવળના આશરે ૨૦૦ મણ જેટલું લાકડું રજૂ કરેલ હોવાની હકિકતને સમર્થન મળી રહેતું નથી.

(૯/૧) આમ, ઉપરોક્ત તમામ પંચસાહેદોએ ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા પંચનામાઓની હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ ન હોવાથી વિદ્વાન એપીપીશ્રીની વિનંતીથી સદરહું પંચસાહેદોને વિમુખ થયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે. સદરહુ પંચસાહેદોને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવા છતાં પંચનામાઓની હકીકતોને લેશમાત્ર પણ સમર્થનકારી જુબાની આપેલ નથી.

( ૯/૨ ) આ રીતે, ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા પંચનામાઓની હકીકતો સાબિત કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે આંક-૧૭ થી સાહેદ અમીનભાઈ કાસમભાઈનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવને ૬ મહીના જેટલો સમય થયેલ છે અને બનાવ બપોરે દોઢ વાગે રવિવારે બનેલો. તે સમયે તેઓ તથા તેમના કાકા મુસાભાઈ કેનાલે ગયેલા. તેમના કાકા કેનાલની દેખરેખ રાખવા ગયેલા, ત્યારે તેઓ તેમની સાથે હતા. તેમના કાકાએ **ત્યાં હાજર ઈસમોને પુછેલ** તો તેમણે જણાવેલ કે, "અમે કમલેશભાઈના માણસો છીએ". તેમના કાકાએ પરમાર સાહેબને જાણ કરેલ કે, અહીં બાવળ કપાય છે. તેથી ત્યાં જશુભાઈ પરમાર આવેલા. ત્યાં દેશી બાવળના ઝાડ કપાયેલ હતા અને ૧૭ ઝાડ મળી આવેલા. બીજા ઝાડ ત્યાં ન હતા. તે ઝાડ ભરી ગયેલા અને ગણતરી કરતા તે ઝાડ કોણ ભરી ગયેલ તે જાણેલ નહી. તેઓએ કાપેલા ઝાડ ટીંબરવા ગામમાં જમા કરાવેલા. તે ઝાડની કિંમત કેટલી હશે તે જાણેલ નહી. બનાવની ફરીયાદ જશુભાઈએ લખાવેલી. પોલીસે તેઓને બનાવ બાબતે પૂછેલુ. તેઓએ જાણેલ કે, બીજા ઝાડ ટેમ્પામાં લઈ ગયેલા અને તે ટેમ્પો ત્યાં હાજર હતો. તેઓએ કોર્ટમાં હાજર આરોપી નં.૨ ને ઓળખી બતાવે છે.

(૧૦/૧) સદરહુ સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદનને સંપૂર્ણપણે સમર્થનકારી હકીકતો જણાવતા ન હોવાથી વિદ્વાન એપીપીશ્રીની વિનંતીથી સદરહુ સાહેદને વિમુખ થયેલ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે. વિધ્વાન એપીપીશ્રી દ્વારા સદરહુ સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવામાં આવેલ આમ છતાં, સાહેદે તે હકીકતનો ઇન્કાર કરેલ છે કે, તેમણે પોલીસ રુબરુના નિવેદનમાં

ટેમ્પાનો નંબર જી. જે. ૦૪. વી.૧૬૩૬ નો હોવાનું લખાવેલ તથા અંદાજીત રૂ. ૩૨,૦૦૦/– ની કિંમતના લાકડા હોવાનું જણાવેલ.

(૧૦/૨) બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, બનાવ ૭માં મહિનાની ૧૫ મી તારીખે વર્ષ–૨૦૧૨ માં બનેલો. તેઓ સીમ રખાનુ કામ કરે છે અને બીરવા ગામની સીમ સાચવે છે. તેઓ કેનાલની આજુબાજુ જે ઝાડ છે તેની સાચવણી કરતા નથી. વધુમાં તેઓ કબુલે છે કે, પોલીસે કઈ તારીખે તેઓનો જવાબ લીધેલો તેની તેમને ખબર નથી. પોલીસે તેઓનો જવાબ બાણજ ગામના નાળા પાસે કેનાલ ઉપર બીજા દિવસે લીધેલો. વધુમાં તેઓ કબુલે છે કે, કેનાલની બાજુમાં ૬ મીટર પહોળો રોડ આવેલો છે અને કેનાલની બીજી બાજુ નાળું આવેલ છે. વધુમાં તેઓ કબુલે છે કે, આજુબાજુના ખેતરવાળા તે નાળા ઉપરથી ટેમ્પો, બળદ, ટ્રેકટર લઈને જાય છે.

( ૧૧ ) ફરીયાદપક્ષે આંક–૨૧ થી સાહેદ મુસાભાઈ અદ્ગીમભાઈ સીંધીનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૫.૦૭.૧૨ ના રોજ બનાવ બનેલો. તેમની ફરજમાં કેનાલ ઉપર જંગલ ખાતાએ ઉછેર કરેલ ઝાડોની રખેવાળી કરવાનું કામ આવે. તેઓ બનાવના દિવસે ટીંબરવા ગામે હતા. ટીંબરવાથી તેઓ બાણેજ આવ્યા ત્યારે કટીંગ કરેલા ઝાડો હતા અને કટીંગ થતું હતું. તે ઝાડો બાવળના હતા, તે ૩૫ ઝાડ બાવળના હતા. ૧૭ ઝાડ જપ્ત કરેલા. જે ઝાડો કાપેલા હતા તે અંગે તેઓએ જાણેલુ કે, આ ઝાડ આરોપી કમલેશભાઈએ લીલા કાપેલા હતા. તેઓએ આ જોયુ તો જંગલ ખાતાના સાહેબ એમ.જે.પરમારને જાણ કરેલી. સાહેદ જણાવે છે કે, કુલ–૫૨ ઝાડો કપાયેલા હતા, તેમાંથી ૩૫ તે લોકો ભરી ગયેલા અને બાકીના ૧૭ તેઓએ જપ્ત કરેલા. તેઓ ટેમ્પામાં ઝાડ ભરી ગયેલા. ત્યાં ટેમ્પો હાજર હતો અને કમલેશભાઈ ત્યાં હાજર હતા અને ટેમ્પામાં બાવળના ઝાડ ભરવાની તૈયારી કરતા હતા અને પરમાર સાહેબને જાણ કરી તેથી કારવણથી પોલીસના માણસો આવેલા. તે ઝાડ કેટલા રૂપિયાના કપાયા હશે તેનો અંદાજ આવેલ નહી. આ બધી વિગતો પોલીસને જણાવેલી. તેઓએ પોલીસને ટેમ્પાનો નં.જી.જે.૪.યુ.૧૬૩૬ નો જણાવેલો.

(૧૧/૧) બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, તેઓ કેનાલ પર વાવેલા ઝાડોની છેલ્લા દસ બાર વર્ષથી સાચવણી કરે છે, તેઓ આના સિવાય બીજા કોઈ ગામની સીમની રખેવાળી કરતા નથી. વધુમાં તેઓ કબુલે છે કે, તેમને જંગલ ખાતા તરફથી નિમણુંક બાબતનો કોઈ કાગળ આપવામાં આવેલ નથી. તેમને મહીને રૂ.૨,૦૦૦/– પગાર ચુકવે છે, તેની કોઈ સ્લીપ તેઓએ રજુ કરેલ નથી. **તેઓ જે જગ્યાએ રખેવાળી કરે છે, ત્યાં રોજ જવાનુ હોતુ નથી.** બનાવના દિવસે તેમની નોકરી બાણજ બોલતી હતી. વધુમાં તેઓ કબુલે છે કે, બનાવ તા.૧૩.૦૭.૨૦૧૨ થી તા.૧૫.૦૭.૨૦૧૨ ના ગાળામાં બનેલો. તેઓ અને તેમના ભત્રીજા બનાવના સ્થળે બપોરે ૧૨ વાગે ગયેલા. તેઓને રખેવાળી માટે ચાલતા જવુ, બાઈક લઈને જવુ કે ગાડી લઈને જવુ તેવો કોઈ નિયમ નથી. કેનાલની બાજુમાં ૦૬ મીટર પહોળો રસ્તો આવેલ છે. વધુમાં તેઓ કબુલે છે કે, કેનાલની બાજુમાં રોડ છે અને રોડની બાજુમાં ઝાડ આવેલા છે તેમજ ઝાડને નંબર મારેલા નથી. વધુમાં તેઓ કબુલે છે કે, નર્મદા કેનાલ પર જે ઝાડ વાવેલા છે તેનું કોઈ રજીસ્ટર તેમની પાસે નથી. તેમના ફોરેસ્ટ ગાર્ડ જશુભાઈ પરમાર છે. જે.જે.પરમાર તા.૧૫.૦૭.૨૦૧૨ ના રોજ મુલાકાતે આવેલા ત્યારે તેમની હાજરી બાબતની કોઈ નોંધ રાખેલ નહી. તા.૧૫.૦૭.૨૦૧૨ ના રોજ તેઓએ ૧૦ થી ૧૧ વાગે સાહેબને ફોન કરેલો, સાહેબ ૧૨–૦૦ વાગે સ્થળ પર આવેલા. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે પંચનામુ કરેલુ નહી. પંચનામુ તા.૧૮.૦૭.૨૦૧૨ ના રોજ થયેલુ. પંચનામુ તેમના રૂબરૂ કેનાલ ઉપર થયેલુ. પંચો બાણેજ ગામના હતા. સાહેદ જણાવે છે કે, પંચગરાળી ગામના હતા. પંચોને જશુભાઈ પરમાર બોલાવી લાવેલા. વધુમાં તેઓ કબુલે છે કે, બનાવની જાણ તેમને તળાવની જગ્યાએ ફેરો મારવા ગયેલા ત્યારે થયેલી. વધુમાં તેઓ કબુલે છે કે, આ રોડ ઉપર શેરડી તેમજ કપાસનો ટેમ્પો ભરી આજુબાજુના ગામ લોકો અવર–જવર કરે છે. વધુમાં તેઓ કબુલે છે કે, જે ઝાડો કપાયેલા છે તે છુટાછવાયા કપાયેલા છે અને કપાયેલા ઝાડના થડોને કોઈ નંબર આપેલા નથી. વધુમાં તેઓ કબુલે છે કે, મુદ્દામાલ કાપલી કોના કોના નામે આપેલી તે લખેલ નથી અને મુદ્દામાલ પાવતી કોણે રીસીવ કરેલી તેની સહી નથી. વધુમાં તેઓ કબુલે છે કે, મુદ્દામાલ પાવતીમાં જલાઉ લાકડાનો ઉલ્લેખ કરેલ છે. જે પાવતીમાં ૪૮ નંગ થડનો ઉલ્લેખ કરેલ છે. સાહેદે જણાવેલ છે કે, ઝાડો કમલેશભાઈના મજુરો કાપતા હતા. વધુમાં તેઓ કબુલે

છે કે, તેમણે ઝાડ કાપવાના સાધનો કબજે કરેલા નથી. વધુમાં તેઓ કબુલે છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના જવાબમાં એવુ લખાવેલ નથી કે, અમે ટીમ્બરવાથી બાણજ ફેરો મારવા ગયેલા ત્યારે બનાવની જાણ થયેલી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ જુબાની આપવા આવ્યા ત્યારે બીટગાર્ડ જોડે તેમની વાત થયેલ. વધુમાં તેઓ કબુલે છે કે, પોલીસે તેઓનું નામ,સરનામુ પુછેલુ. પોલીસે તેમનો જવાબ તા.૧૮.૦૭.૧૨ ના રોજ લીધેલો, તે જવાબ લગભગ દિવસે ૧૨ વાગ્યા પછી લીધેલો. પોલીસે તેઓનો જવાબ લીધેલો ત્યાં લગભગ પાંચ-છ જણા હાજર હતા, જેમાં જશુભાઈ સાહેબ હાજર હતા. જશુભાઈ તા.૧૫.૦૭.૧૨ ના રોજ બાણજ આવેલા અને તા.૧૮.૦૭.૧૨ ના રોજ સુધી તેમના ઘરે રોકાયેલા. સાહેદ જણાવે છે કે, જશુભાઈ તા.૧૫.૦૭.૧૨ ના રોજ આવેલા અને તા.૧૮.૦૭.૧૨ ના રોજ પાછા આવેલા. **વધુમાં તેઓ કબુલે છે કે, પોલીસે તેઓનો જવાબ લીધેલો તે જવાબ તેમના સાહેબે પોલીસને લખાવ્યો તે પ્રમાણે હતો.** સાહેદે વધુમાં જણાવેલ છે કે, જે લાકડા જાડા ન હોય અને પાતળા હોય અને બળતણ તરીકે ઉપયોગમાં લેવાતા હોય તેને બળતણ જલાઉ લાકડા કહેવાય. સાહેદે આંક-૨૨ વાળી મુદ્દામાલ પાવતીની છઠ્ઠી લીટીમાં જલાઉ લાકડા લખેલા હોવાની હકીકતનો અને સદરહુ લાકડા બાવળના જાડા લાકડા હોય તેવો ઉલ્લેખ કરેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક-૪૪ થી ફરીયાદી જશવંતભાઈ ગોવિંદભાઈ પરમારનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ નર્મદા નિગમમાં વીજ ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા. તેમની મેઈન ઓફીસ વડોદરા છાણી જકાતનાકાએ આવેલી છે. જે ઓફીસમાં નાયબ વનસંરક્ષક તરીકે એસ.એમ. સૈયદનાઓ હતા. ત્યારે નર્મદા નહેરની બ્રાન્ચ કેનાલો જેમાં મિયાંગામ બ્રાન્ચ કેનાલમાં ૨૦ કી.મી. તથા મેઈન કેનાલ બોડેલીથી ઠાસરા ૧૬૦ કીમી સુધી આવેલી, જેમાં તેઓ ફરજ બજાવતા હતા. તેઓને વનીકરણ અને ઝાડોનુ રક્ષણ કરવાનું હોય છે. તા.૧૫/૦૭/૧૨ ના રોજ તેઓ જંબુસર કેનાલ બ્રાન્ચ ઉપર હતા ત્યારે તેમના ચોકીદાર મુસાભાઈ સીંધીએ ફોન કરી જાણ કરેલ કે, બાળજ ગામની કેનાલની સીમ ઉપર દેશી બાવળના ઝાડો કાપે છે અને ટેમ્પો આવેલા છે અને તેઓ એકલા છે. જેથી તેઓ બનાવ સ્થળે પહોંચેલા અને જોયું તો મજુરો ઉભા હતા અને

ટેમ્પો પડેલ હતો. જેથી તેઓએ મજુરોને પુછેલુ કે, તમારી પાસે પરમીટ છે કે કેમ? તો તેમણે કરજણ નર્મદા નહેર પેટાવિભાગનો પત્ર બતાવેલ, જેમાં ગાંડા બાવળ નડતરરૂપ હતા તેનો ઉલ્લેખ હતો, દેશી બાવળનો ન હતો. જેથી, તેઓએ તેમને અટકાવેલા. કુલ–૫ર ઝાડ કાપેલ હતા. જેમાંથી ૧૭ નંગ તેઓએ કબજે લીધેલા અને બાકીના ૩૫ નંગ એ લોકો સ્થળ ઉપરથી લઈ ગયેલા. બીજુ કાંઈ કબજે કરેલ નહી. તેઓએ મજુરોના કહેવાથી કમલેશભાઈ ઠાકોરભાઈ વસાવાનાઓ કાપી ગયેલાનુ લખાવેલ અને બનાવની ફરીયાદ તેઓએ આપેલી, જે ફરીયાદમાં તેઓ તેમની સહી ઓળખી બતાવે છે, જે ફરીયાદ આંક–૪૫ થી રજુ રાખેલ છે. બનાવને ઘણો સમય થઈ ગયેલ હોવાથી તેઓ આરોપીઓને ઓળખી શકેલ નહી.

**(૧૨/૧)** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ એવી હકીકત જણાવેલ છે કે, બનાવની ફરીયાદ તેઓએ ૧૮ મી તારીખે બપોરના સમયે આપેલી. વધુમાં તેઓ કબુલે છે કે, નર્મદા નહેરની મુખ્ય અને શાખા નર્મદા નિગમની માલીકીનો વિસ્તાર ગણાય છે. આ વિસ્તાર ફોરેસ્ટ વન તરીકે જાહેર થયેલ નથી. વધુમાં તેઓ કબુલે છે કે, ભારતીય વન અધિનીયમ કે વન સંરક્ષણ અધિનીયમ કાયદા મુજબનો ગુનો હોય તો તેઓ જાતે આ ગુનાની તપાસ કરી શકે છે. વધુમાં તેઓ કબુલે છે કે, ઈપીકો કલમ મુજબનો ગુના બન્યો હોય તો તેઓ ફકત તેની ફરીયાદ આપી શકે છે. વધુમાં તેઓ કબુલે છે કે, આવા ગુનાની તપાસ પોલીસ કરી શકે. તેઓએ થર્ડ પંચકયાસનુ પંચનામુ કરેલુ. પંચનામુ કરતી વખતે પંચો ત્યાં હાજર હતા. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ બાવળના તથા અન્ય ઝાડો ગણેલ નથી. સાહેદે સ્વેચ્છાપૂર્વક જણાવેલ છે કે, વાવેતર વખતે કરેલુ છે. વધુમાં તેઓ કબુલે છે કે, કેનાલ ઉપર મોટા ઝાડોનું કોઈ રજીસ્ટર તેઓ નીભાવતા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, વાવેતર રજીસ્ટરમાં નોંધેલુ છે. મોટા ઝાડોના થડ ઉપર નંબર લખેલા નથી. સાહેદે સ્વેચ્છાપૂર્વક જણાવેલ છે કે, ગણતરી કે દુર કરવાના હોય ત્યારે જ લખે છે. વધુમાં તેઓ કબુલે છે કે, મોટા ઝાડોના થડ ઉપર કલરની કોઈ નીશાની કરેલ નથી. વધુમાં તેઓ કબુલે છે કે, કમલેશભાઈ વસાવાને નાયબ કાર્યપાલક મીયાગામ તરફથી કરજણ શાખા નહેર વિસ્તારમાં ગાંડા બાવળ તથા આડા પડી ગયેલા તેમજ તૂટી ગયેલા ઝાડો દુર કરવાનો હુકમ કરેલો. વધુમાં તેઓ કબુલે છે કે, તેઓએ ઝાડો કાપતા કોઈને નજરે જોયેલા નહી. તેઓએ ઝાડ

કાપવાના કોઈ હથિયારો પણ કબ્જે કરેલા નથી. તેમણે તેમની ફરીયાદમાં તા.૧૩/૭/૧૨ થી ૧૫/૭/૧૨ ના સમયગાળા દરમ્યાન બનાવ બનેલાનુ જણાવેલ છે. વધુમાં તેઓ કબુલે છે કે, મીયાંગામ કરજણની કેનાલની સીમથી ડભોઈ નજીક આવેલુ છે. વધુમાં તેઓ કબુલે છે કે, બનાવની તેઓએ તાત્કાલીક પોલીસને જાણ કરેલી નથી. વધુમાં તેઓ કબુલે છે કે, તેઓ જે તે સમયે મોબાઈલ રાખતા હતા અને મોબાઈલ ઉપર પણ તેઓએ પોલીસને તાત્કાલીક જાણ કરેલી નથી. વધુમાં તેઓ કબુલે છે કે, ફરીયાદ તા.૧૮/૭/૧૨ ના રોજ આપેલી. વધુમાં તેઓ કબુલે છે કે, તેઓએ મોડી ફરીયાદ કરવા બદલ કોઈ ખુલાસો તેમની ફરીયાદમાં કરેલ નથી.

(૧૩) ફરીયાદપક્ષ તર્ફે આંક-૬૩ થી ગુનામાં વપરાયેલ વાહન કબજે કર્યાનું પંચનામુ રજૂ કરવામાં આવેલ છે. જેના પંચસાહેદ મહેશભાઈ નગીનભાઈ પાટણવાડીયાને આંક-૬૨ થી તથા બીજા પંચસાહેદ જશુભાઈ રામસીંગભાઈ પાટણવાડીયાને તપાસવામાં આવેલા છે. આ પંચસાહેદોએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને માત્ર પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

– આમ, ઉપરોક્ત પંચસાહેદોએ ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પંચનામાની હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ ન હોવાથી વિદ્વાન એપીપીશ્રીની વિનંતીથી સદરહું પંચસાહેદોને વિમુખ થયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે. સદરહુ પંચસાહેદોને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર પણ સમર્થનકારી જુબાની આપેલ નથી.

(૧૪) ફરીયાદપક્ષે આંક-૬૬ થી સાહેદ કૌશિકભાઈ મગનભાઈ પરમારનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૬.૦૬.૨૦૧૨ ના રોજ તેમની ફરજ મીયાગામ કરજણ મુકામે નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ પર હતા ત્યારે મીયાગામ શાખાથી બાણજ સુધીની નહેર પર ગાંડા બાવળ કપાવવાની કામગીરી તથા નડતરરુપ ઝાડી ઝાંખરા કાપવાની કામગીરી ગામ કુરાલીના કમલેશભાઇ વસાવાને સોંપેલ હતી. તેઓને સાહેદે ગાંડા બાવળ તથા ઝાડી ઝાંખરા કાપવાનુ

કહ્યુ હતુ. પરંતુ તેમની જાણ બહાર મનસ્વી રીતે દેશી બાવળ કાપેલ તેવી જાણ તેમને ફોરેસ્ટ ખાતામાંથી થયેલ. જેથી, કમલેશભાઈને પકડીને પોલીસ સ્ટેશને લઇ ગયેલા. પોલીસે તેમને જાણ કરેલ તેથી તેઓ ત્યાં ડભોઈ પોલીસ સ્ટેશન ગયેલા. તેઓ આ દેશી બાવળ કાપેલ તે સ્થળે ગયેલ નહી. પોલીસે બનાવ સંબધે તેઓનો જવાબ લીધેલો. આ બાવળ કાપવાથી આશરે રૂ.૩૨,૦૦૦/- જેટલું નુકશાન થયેલુ. આશરે સત્તરેક દેશી બાવળ કમલેશભાઈએ કાપેલાનુ તેઓએ પોલીસ સ્ટેશને જાણેલુ. તેઓએ તે સમયે કમલેશભાઇને જોયેલા પરંતુ ઘણા વર્ષો થયા હોવાથી કમલેશભાઇને ઓળખી શકે નહી.

(૧૪/૧) બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ બનાવવાળા સ્થળે ગયેલ નહી અને તેઓને પોલીસ સ્ટેશને બોલાવ્યા પછી ખબર પડી કે મુદ્દામાલ દેશી બાવળ કાપેલા છે. તેમણે મુદ્દામાલ દેશી બાવળ જોયેલ નથી. પોલીસ સ્ટેશને તેઓને આ બાબતે જાણ થયેલી.

(૧૫) ફરીયાદપક્ષે આંક-૭૩ થી સાહેદ અતુલભાઈ રતિલાલ વસાવાનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૨ માં તેઓ કરજણ નર્મદા નિગમ નહેર ખાતાની જીપ જેનો નંબર તેમને યાદ નથી જેના પ્રાઈવેટ માલીક બારીયાભાઇ હતા, તે ચલાવી તેઓ ગુજરાન ચલાવતા હતા. તે સમયે બાણજ ગામની નહેર ઉપર ઉગી નીકળેલ ગાંડા બાવળને કાપવા માટે કુરાલી ગામના આરોપી કમલેશભાઈને સોંપેલી. આરોપી કમલેશભાઈ ઉપર દેશી બાવળ કાપવાનો ગુનો નોંધાયેલો. ગુનો કોણે નોંધેલ તે હાલ તેમને ખબર નથી. પોલીસે તેઓનો જવાબ લીધેલો. તેઓ આરોપી કમલેશભાઈને કોર્ટમાં ઓળખી બતાવે છે. કમલેશભાઈએ કોઈ લાકડા કાપીને વાહનમાં ભરેલ હોય અને તે વાહનના કોઈ ડ્રાઈવરને તેઓએ જોયેલ હોય તેવુ બનેલ નથી.

(૧૫/૧) બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, કમલેશભાઇ તેમના ગામના હોવાથી તેઓને પહેલેથી ઓળખે છે. વધુમાં તેઓ કબુલે છે કે કમલેશભાઇ ઉપર ગુનો નોંધાયેલ હોવાની હકીકતની વાતોવાતથી જાણ થયેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલ નહી.

(૧૬) ફરીયાદપક્ષે આંક–૭૫ થી સાહેદ દિપેન્દ્ર બાલાસાહેબ હાંડેનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૦૫ ની સાલમાં તેમના પિતાજીના નામથી જલાઉ લાકડાનુ પીઠુ હતુ, જે પીઠાનો વહીવટ તેઓ કરતા હતા. ૨૦૦૫ ની સાલમાં તેઓએ ધંધો બદલતા પીઠુ બંધ કરી દીધેલુ. ત્યારબાદ કોઈ સરકારી વૃક્ષો કાપીને તેમને ત્યાં વેચવા આવેલ હોય અને તેના ઉપર ગુનો નોંધાયેલ હોય અને તેમનો જવાબ લીધેલ હોય તેવુ બનેલ નથી. તેઓ આરોપી કમલેશભાઇને ઓળખતા નથી.

(૧૬/૧) આ સાહેદે પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ નથી. જેથી, વિદ્વાન એપીપીશ્રીની વિનંતીથી સદરહુ સાહેદને વિમુક્ત થયેલ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ઉલતતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ. આમ છતાં, ફરિયાદપક્ષ કોઇ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૭) ફરીયાદપક્ષે આંક–૭૭ થી પી.એસ.આઈ કલ્પેશભાઈ લક્ષ્મણભાઈ પટણી નાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૧૨ ના અરસામાં તેઓ પી.એસ.આઈ તરીકે ડભોઈ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતા ત્યારે ફરજ પરના પી.એસ.ઓ.એ તારીખ–૧૮.૦૭.૨૦૧૨ ના રોજ ડભોઈ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૩૫/૧૨ થી ઇ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ તથા સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારા કલમ–૩,૭ મુજબ ફરીયાદીએ લખાવ્યા મુજબની ફરીયાદ લખી, ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓ તરફ મોકલી આપતા, તેઓએ તપાસ સંભાળી લીધેલી. તેઓએ **બનાવવાળી જગ્યાનું પંચનામુ તારીખ ૧૯.૦૭.૨૦૧૨ ના રોજ કલાક : ૧૦:૦૦ થી ૧૧:૩૦ સુધીનું કરેલ.** ત્યારબાદ આ ગુનાના સાહેદોના વિગતવારના નિવેદન લખી લઈ કામમાં સામેલ રાખેલા. આ કામના આરોપી નં.૧ કમલેશભાઈ ઠાકોરભાઈ વસાવા તથા કનુભાઈ નગીનભાઈ પાટણવાડીયાનાઓ આ ગુનાના કામે પોલીસ સ્ટેશન ખાતે હાજર થયેલા અને તેઓનું શરીર સ્થિતિનું પંચનામુ તથા ગુનાના કામે વાપરેલ વાહન જી.જે.૦૪ વી.૧૬૩૬ નું પંચનામુ તારીખ–૨૫.૦૭.૨૦૧૨ ના રોજ કલાક: ૨૦:૩૦ થી ૨૧:૩૦ કરેલું. તારીખ–૨૫.૦૭.૨૦૧૨ ના કલાક ૨૧:૩૦ વાગે આરોપીઓની

અટક કરી, ચોરીમાં ગયેલ મુદ્દામાલ મળી આવેલ ન હોય, આરોપી કમલેશભાઈ ઠાકોરભાઈ વસાવાના ઘરના વાડામાં ચોરીમાં ગયેલ મુદ્દામાલની તપાસ કરતા કોઈ મુદ્દામાલ મળી આવેલ ન હોય જે અંગેનું પંચનામું તા ૨૭.૦૭.૨૦૧૨ ના કલાક ૧૦:૦૦ થી ૧૧:૩૦ વાગે કરેલું. આ કામના આરોપી કમલેશભાઈ ઠાકોરભાઈ વસાવાનાઓએ ચોરીમાં ગયેલ મુદ્દામાલ પોલીસ સ્ટેશન ખાતે લાવતા મુદ્દામાલનું વિગતવારનું પંચનામુ તારીખ–૦૧.૦૮.૨૦૧૨ ના કલાક ૦૯:૦૦ થી ૦૯:૩૦ નું કરી સામેલ રાખેલ. ત્યારબાદ, આ કામના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે. તેઓ આરોપીને જોયેથી ઓળખી શકે તેમ જણાવીને કોર્ટમાં ઓળખી બતાવેલ છે.

(૧૭/૧) બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કમલેશભાઇના વાડામાંથી મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ નથી. વધુમાં સાહેદે જણાવેલ છે કે, મુદામાલ પોલીસ સ્ટેશનમાં રજુ કરવામાં આવેલ તેથી આંક: ૧૩ વાળુ પંચનામું પોલીસ સ્ટેશનમાં તૈયાર કરવામાં આવેલ છે. વધુમાં, તેમણે કબુલેલ છે કે, આંક–૧૩ વાળા પંચનામા વખતે ફરીયાદી તથા નિગમના કોઈ અધિકારી હાજર ન હતા. વધુમાં, તેમણે કબુલેલ છે કે, ગુનાવાળી જગ્યા ૪૬ થી ૪૮ કી.મી. ના વિસ્તારમાં આવેલી છે. જે જગ્યા અવાવરુ છે અને કોઈ પણ વ્યકિત આવી જઈ શકે છે. વધુમાં તેઓએ કબુલેલ છે કે, ગુનાની તપાસ તેઓને સોંપવામાં આવેલ હોય તે બતાવતો કોઈ લેખિત હુકમ થયેલ નથી. વધુમાં તેઓએ કબુલેલ છે કે, સરદાર સરોવર નર્મદા નિગમના લાગતા વળગતા સાહેદો સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલા નથી. તેઓએ સરકારી સાહેદ સિવાય અન્ય કોઈ નજરે જોનાર સાહેદોના નિવેદનો નોંધેલા નથી.

(૧૮) આમ, આ કામે ફરિયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલા તમામ પંચસાહેદો વિમુખ થયેલ સાહેદ તરીકે જાહેર થયેલા છે. પંચસાહેદોએ પંચનામાઓની હકીકતને સમર્થન આપેલ નથી. આંક–૭૭ થી તપાસવામાં આવેલા ત.ક. અમલદારની જુબાનીથી પણ પંચનામાઓની હકીકતોને રેકર્ડ ઉપર લાવવામાં ફરિયાદપક્ષને સફળતા મળેલ નથી.

(૧૮/૧) આંક–૪૪ થી મૂળ ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમણે આપેલ જુબાની મુજબ તેઓ સ્થળ ઉપર ગયેલા ત્યારે માત્ર મજૂરો હતા. સ્થળ ઉપર હાલના આરોપીઓની હાજરીને ફરિયાદીની જુબાનીથી સમર્થન મળી રહેતું નથી. ફરિયાદીની જુબાની મુજબ બનાવ સમયે તેમના ચોકીદાર મુસાભાઇ સિંધીનો ફોન આવેલ અને બનાવની જાણ થયેલ. આંક–૨૧ થી સાહેદ મુસાભાઇ સિંધીએ પોતાની જુબાનીમાં જણાવેલ હકીકત મુજબ સ્થળ ઉપર કમલેશભાઇ (આરોપી નં ૧ ) હાજર હતા. આ સાહેદની જુબાની મુજબ તેમણે આરોપી નં. ૨ ને પણ સ્થળ ઉપર જોયેલ. પરંતુ, આંક–૧૭ થી સાહેદ અમીનભાઇ કાસમભાઇની જુબાની મુજબ તેમણે માત્ર આરોપી નં ૨ ને જોયેલા. આ સાહેદે આરોપી નં ૧ કમલેશભાઇને સ્થળ ઉપર જોયેલ હોવાની હકીકતને સમર્થન આપેલ નથી. આ રીતે, ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ ત્રણેય નજરે જોનાર સાહેદોની જુબાનીમાં એકરૂપતા અને એકસંગતતા જણાઇ આવતી નથી. તે સંજોગોમાં સ્થળ ઉપર પહોંચનાર મુસાભાઇ સિંધી તથા અમીનભાઇ સિંધી તથા મૂળ ફરિયાદીની જુબાનીથી રેકર્ડ ઉપર આવેલ વિરોધાભાસી હકીકતો ધ્યાને લેતાં આરોપીઓની સ્થળ ઉપરની હાજરીની વિગત અંગે શંકા ઉપસ્થિત થાય તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં બચાવપક્ષ સફળ રહેલ છે.

(૧૮/૨) આ કામે સાહેદ અમીનભાઇ સિંધીની જુબાની મુજબ તેઓ કેનાલ ઉપર ગયા તે સમયે તેમના કાકા મુસાભાઇ પન તેમની સાથે હતા. સાહેદ મુસાભાઇ સિંધીની જુબાનીમાં બનાવ સમયે તેઓ સ્થળ ઉપર ગયેલા ત્યારે તેમની સાથે તેમનો ભત્રીજો બપોરના બાર વાગે પહોંચેલા તેવી હકીકત જણાવેલ છે. જ્યારે ફરિયાદીએ તેની ફરિયાદમાં મુસાભાઇ સિંધીએ બપોરના બે વાગે તેઓને ફોનથી જાણ કરેલ હોવાનું અને તેઓ કેનાલ ઉપર એકલા હોવાનું જણાવેલ છે. ફરિયાદીએ આંક–૪૪ ની જુબાનીથી પણ જણાવેલ છે કે, ચોકીદાર મુસાભાઇએ ફોન કરીને જણાવેલ કે, તેઓ સ્થળ ઉપર એકલા છે. આ રીતે, સ્થળ ઉપર ચોકીદાર મુસાભાઇ સાથે તેમના ભત્રીજા અમીનભાઇ સિંધીની હાજરી સંદર્ભે પણ રેકર્ડ ઉપર વિરોધાભાસી હકીકતો આવેલ છે.

(૧૮/3) આંક–૧૭ થી સાહેદ અમીનભાઇ સિંધી અને આંક–૪૪ થી મૂળ ફરિયાદી જશવંતભાઇએ આપેલ જુબાની મુજબ સ્થળ ઉપર હાજર મજૂરોએ જણાવેલ કે, તેઓ

કમલેશભાઇના માણસો છે, તેથી તેમણે કમલેશભાઇનું નામ જણાવેલ છે. ત.ક. અમલદાર દ્વારા સ્થળ ઉપર હાજર રહેલા મજૂરો કે જેમણે કમલેશભાઇનું નામ આપેલ છે તેઓના નિવેદનો નોંધેલા નથી અને તેઓ ખરેખર કમલેશભાઇના માણસો હતા કે નહિ એ દિશામાં કોઇ તપાસ કરેલ નથી. આ રીતે, ત.ક. અમલદારે ક્ષતિરહિતની તપાસ કરેલ નથી.

**(૧૮/૪)** ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવ તા.૧૫/૦૭/૨૦૧૨ ના રોજ બપોરના સમયે બનેલ છે. આમ છતાં, ફરિયાદીએ તે બનાવાની ફરિયાદ તા. ૧૮/૦૭/૨૦૧૨ ના રોજ કરેલ છે. ફરિયાદીએ તેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેમની પાસે મોબાઇલ હોવા છતાં તેમણે તરત જ પોલીસને જાણ કરેલ નથી. અ સંજોગોમાં ફરિયાદીએ પોતાની ફરિયાદમાં અને સોગંદ ઉપરની જુબાનીમાં મોડી ફરિયાદ નોંધાવવા બદલ કોઇ ખુલાસો કરેલ નથી. આ પરિસ્થિતિને ધ્યાને લેતા ત્રણ દિવસના વિલંબ બાદ નોંધાવવામાં આવેલ ફરિયાદની વિશ્વસનીયતા સામે શંકા ઉપસ્થિત થાય છે.

**(૧૮/૫)** આ કામે જે મુદ્દામાલ લાકડું કબજે કરવામાં આવેલ છે તે લાકડું દેશી બાવળના જાડા થડ હોવા સંદર્ભે મુદ્દામાલ પાવતીમાં કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. સાહેદ મુસાભાઇ કે જેમણે આંક-૨૧ ની જુબાનીમાં મુદ્દામાલ પાવતીમાં પોતાની સહી હોવાનું જણાવેલ છે તેમજ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મુદ્દામાલ પાવતીમાં જલાઉ લાકડાનો ઉલ્લેખ થયેલ છે. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પાતળા અને બળતણમાં ઉપયોગમાં લઇ શકાય્ અતેને જલાઉ લાકડા કહેવાય. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મુદ્દામાલ પાવતીમાં બાવળના જાડા લાકડાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આ રીતે, આંક-૨૨ ની મુદ્દામાલ પાવતીથી જે મુદ્દામલ લાકડું કબજે લેવામાં આવેલ છે તે લાકડું જાડા બાવળના થડ નથી તેવું સાબિત થાય છે.

**(૧૮/૬)** સાહેદ મુસાભાઇ, અમીનભાઇ તથા મૂળ ફરિયાદી જશવંતભાઇ તેમજ ત.કડમલદારની જુબાની વંચાણે લેતા ગુનાવાળી જગ્યા ૪૬ થી ૪૮ કિમીના વિસ્તારમાં આવેલ છે અને તે જગ્યા અવાવરુ છે, કોઇ પણ વ્યક્તિ આવી જઇ શકે

તેવી છે. આરોપી કમલેશભાઇને ગાંડા બાવળ તતહ ઝાડી ઝાંખરા હટાવવાની પરવાનગી નાયબ કાર્યપાલક ઇજનેર કૌશિકભાઇ પરમારે આપેલ છે. ગુનાના કામે જે લાકડું કબજે કરવામાં આવેલ છે તે જલાઉ લાકડું છે. ફરિયાદીની ફરિયાદ મુજબનું બાવળનું જાડું લાકડું નથી. તે લાકડું હાલના આરોપીઓએ કાપેલ છે તેવી હકીકત શંકાથી પર રહીને સાબિત કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ નથી. એટલે કે, આક્ષેપિત ગુના સાથે આરોપીઓને સાંકળતો પુરાવો રજૂ કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેવા તારણ ઉપર અત્રેની અદાલત આવેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકત અને સંજોગો જોતાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## – <u>આખરી હુકમ</u> –

**૧.** આ કામે આરોપી **નં.૧ કમલેશભાઇ ઠાકોરભાઇ વસાવા, રહે. કુરાલી, તા. કરજણ તથા આરોપી નં.૨ કનુભાઇ નગીનભાઇ પાટણવાડિયા** રહે.– સુખડા, પાદરાનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૯,૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** દરેક આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે છ માસ સુધીના સમયગાળા માટે રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાતમુચરકા તથા તેટલી જ રકમના સદ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** મુદ્દામાલ પાવતી નંબર–૧૦૨ તા.૨૫/૦૭/૨૦૧૨ માં દર્શાવેલ મુદ્દામાલ સ્વરાજ મજદા ટેમ્પો સંદર્ભે તા.૦૪/૦૮/૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમી કરવામાં આવે છે.

**૩/૧.** મુદ્દામાલ પાવતી નંબર–૧૦૩, તા.૦૧/૦૮/૨૦૧૨ થી કબજે લેવાયેલ ૨૦૦ મણ જેટલા નાના–મોટા બાવળના લાકડા સંદર્ભે અપીલ સમય વીત્યા બાદ, પી.આઇ.શ્રી ડભોઇનાઓએ મુદ્દામ માણસ મારફતે નાયબ વન સંરક્ષકશ્રી સરદાર સરોવર નિગમ, છાણી, વડોદરાનાઓને મોકલી આપવાનો તથા નાયબ વન સંરક્ષકશ્રી સરદાર સરોવર નિગમનાઓએ નિયમોનુસાર મુદ્દામાલનો નિકાલ કરી અત્રેની અદાલતને રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો** આજરોજ તારીખ **૧૩ મી** માહે **એપ્રિલ સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

ડભોઈ.
તા. ૧૩/૦૪/૨૦૨૬

**(શ્રીમતી નીતા અજયકુમાર ચોક્સી)**
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ડભોઈ.
**જીજે ૦૦૮૪૩**

જે.વી.કેસરિયા પી.એ.તથા જાતે.